R.P.A. D.

ક્રમાંક : મકમ/ESC2/GPSC-ઇતિહાસ/૨૦૧૮/6658-65

ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચરી,
બ્લૉક નં-૧૨, બીજો માળ,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.,ગાંધીનગર.
તા.૨૫ /06/2018.

**વંચાણે લીધા ::-**

૧) ગુજરાત જાહેર સેવા આયોગનો તા.૨૬/૦૪/૨૦૧૮નો પત્રાંક:આરસીટી/૧૦૨૦૧૬/૪૪૪૩/૧૨/આર/૭

૨) શિક્ષણ વિભાગ, ગાંધીનગરનો તા.૦૯/૦૫/૨૦૧૮ના જાહેરનામા ક્રમાંક:જીસીઓ/૧૫૧૬/૪૯/ખ,

૩) શ્રીમાન દિપકકુમાર વજિરભાઇ પટેલએ અત્રે રજુ કરેલ સોગધનામું/બાંહેધરીપત્ર/તથા ચેકલીસ્ટ તા.૨૩/૦૫/૨૦૧૮.

**કચેરી આદેશ ::-**

વંચાણે લીધેલ આમુખ-૨ અન્વયે ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨ માં ઉચ્ચ શિક્ષણના તાબા હેઠળની સરકારી વિનયન, વાણિજય અને વિજ્ઞાન કોલેજ ખાતે ઇતિહાસના મદદનીશ પ્રાધ્યાપકની જગ્યા પર નિમણૂંક માટે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા પસંદગી પામેલ નીચેના મદદનીશ પ્રાધ્યાપકને રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦-૬૦૦૦-એજીપીના પગાર ધોરણમાં સીધી ભરતી ધ્વારા તેઓ તેમની જગ્યાનો હવાલો સંભાળે તે તારીખથી બે વર્ષના અજમાયશી સમય પર નિમણૂંક આપવા બાબતે આ કચેરીના હવાલે મુકવાના અને આમુખ-૨ ની શરતોને તથા નીચે દશાવેલ વિગતોને આધિન તથા આમુખ-૩ ને આધિન નીચે દર્શાવેલ ઉમેદવારને તેમના નામ સામે જણાવેલ કોલેજ ખાતે તદ્દન હંગામી ધોરણે કામચલાઉ અજમાયશી નિમણૂંક આપવામાં આવે છે.

| ક્રમ | મદદનીશ પ્રાધ્યાપકનું નામ | કેટેગરી | નિમણૂંકવાળી કોલેજનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | શ્રીમાન દિપકકુમાર વજિરભાઇ પટેલ,એટ-નાનાપોંઘા, તા-કપરાડા. જિ-વલસાડ-૩૯૬૧૨૬. | એસ.ટી. | સરકારી વિનયન કોલેજ કપરાડા, જિ. વલસાડ |

શરતો ::-

૧) જાહેરનામાની શરતો અને જોગવાઈને આધિન શ્રીમાન દિપકકુમાર વજિરભાઇ પટેલને આ સમય દરમ્યાન મદદનીશ પ્રાધ્યાપકની જગ્યાના પગાર ધોરણમાં લઘુતમ પગાર રૂ.૧૫૬૦૦/- અને તેના પર અન્ય ભથ્થાં મળવાપાત્ર થશે. અને અજમાયશી સમયની પુરી મુદત દરમ્યાન તે જ પગાર મેળવશે અને કોઇ ઇજાફા મેળવવાપત્ર થશે નહીં અજમાયશી મુદત પુરી થયે નિયમિત ધોરણે મદદનીશ પ્રાધ્યાપકોની જગ્યાએ નિમણુંક થયા બાદ જ સામાન્ય દરે ઇજાફા મળવાપાત્ર થશે.

૨) અજમાયશી અધિકારીને વધુ કાર્યક્ષમ બનાવવા તેઓને તાલીમ માટે પસંદ કરેલ હોય કે પ્રતિનિયુક્તિથી તાલીમમાં મોકલવામાં આવ્યા હોય ત્યારે એવી જાણ તેઓને કરવી અને તે માટે તેઓની સંમતિ મેળવવી કે તાલીમ જેટલો અજમાયશી સમય લંબાવવામાં આવશે.

૩) અજમાયશી સમય સમાપ્ત કરવાના હુકમો કરવામાં આવે ત્યારે અજમાયશી અધિકારીએ અજમાયશી સમય દરમ્યાન ભોગવેલ રજાઓ, તાલીમમાં કે પારા (૨) મુજબ પ્રતિનિયુક્તિ પરની તાલીમના સમયગાળાનો સમય અને ફરજ પર જોડાવાના સમય જેટલો અજમાયશી સમય લંબાવવો.

Scanned with OKEN Scanner

૪) આકસ્મીક રજા સિવાયની કોઇ પણ પ્રકારની રજા અજમાયશી સમય દરમ્યાન લેવામાં આવશે તો અજમાયશીની મુદત રજાની મુદત જેટલી લંબાવવામાં આવશે.

૫) સરકારે નિયત કરેલ શૈક્ષણિક પ્રકારની અને અન્ય પ્રકારની જે કોઇ ફરજ સોંપવામાં આવે તે તેમણે બજાવવાની રહેશે અને તેઓ રાજ્યમાં કોઇપણ સ્થળે બદલીપાત્ર રહેશે.

૬) અજમાયશી સમય દરમ્યાન તેમની કામગીરી સંતોષકારક નહીં હોય તો અજમાયશી સમય દરમ્યાન અથવા અજમાયશીનો સમય પૂર્ણ થતાં તેઓની અજમાયશી સેવાનો અંત લાવવામાં આવશે.

૭) સરકારે નિયત કરેલ અને તેમને લાગુ પડતી હિન્દી અથવા ગુજરાતી ભાષાની ભાષાકીય પરીક્ષા અને તેવી અન્ય પરીક્ષા જે કોઇ નિયત કરવામાં આવે તે પાસ કરવાની રહેશે. ખાતાકીય પરીક્ષાના નિયમોમાં ઠરાવેલ સમય-મર્યાદામાં ભાષાકીય પરીક્ષા ઉર્તિણ કરવામાં નહી આવે તો, ત્યાર પછીના ઇજાફા તેઓ તેવી પરીક્ષા પાસ કરે નહી ત્યાં સુધી અટકાવવામાં આવશે.

૮) નિયત સમય મર્યાદમાં ફરજ પર હાજર થયેલ ઉમેદવારોની સિનીયોરીટી આયોગે આપેલ ક્રમ મુજબ રહેશે.

૯) પગાર, રજા, પેન્શન વર્તણૂંક વગેરે સેવા વિષયક અને શિસ્ત વિષય અન્ય બાબતોમાં સેવાની શરતો ગુજરાત મુલ્કી સેવા નિયમો, ગુજરાત મુલ્કી સેવા (વર્તણૂંક) નિયમો અને ગુજરાત મુલ્કી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો વગેરે સરકારે પ્રસિધ્ધ કરેલ નિયમો અને વખતો વખત બહાર પાડેલા નિયમોને આધિન રહેશે.

૧૦) ગુજરાત જાહેર સેવા આયોગ ધ્વારા પસંદગી પામેલ ઉમેદવારે જે તે જગ્યાના ભરતી નિયમો પ્રમાણેની શૈક્ષણિક લાયકાત અને/અથવા અનુભવ, ઉંમર, નાગરિકત્વ, જાતિ વિગેરે બાબતોની જોગવાઇ સંતોષે છે કે કેમ ? તેની ખરાઇ આચાર્યશ્રીએ કરવાની રહેશે.

૧૧) જે તે જગ્યા માટે નકકી કરાયેલ લાયકાત ધરાવતા ઉમેદવારોએ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૨-૧-૭૦ના પરિપત્ર ક્રમાંકઃ પીએસસી/૧૦૬૮/૬૫૫૪/ગ. ની જોગવાઇ અનુસાર તબીબી તથા પોલીસ તપાસ વિના આવા ઉમેદવારોને તાત્કાલિક અસરથી કામ ચલાઉ ધોરણે નિમણૂંક આપવા માટે જે તે ઉમેદવાર પાસેથી એવું એકરારનામું મેળવવાનું રહેશે કે જો તેઓ તબીબી /પોલીસ તપાસમાં કોઇ રીતે નિષ્ફળ સાબીત થશે તો તેમની નિમણૂંક મૂળ અસરથી રદ થવાને પાત્ર રહેશે. આવી તબીબી અને પોલીસ તપાસની કાર્યવાહી નિમણૂંક થવાના હુકમથી ત્રણ માસમાં પુરી કરવાની રહેશે.

૧૨) આ શરતો વાંચી, સમજીને નિમણૂંક સ્વીકાર્ય છે, તે મતલબનું એકરારનામું નોકરીમાં હાજર થતી વખતે અરજદારે આચાર્યશ્રીને આપવાનું રહેશે. અને તેની એક નકલ આ કચેરીને મોકલી આપવી. (સોગંધનામું તથા ચેકલીસ્ટ મુજબ)

૧૩) સરકારશ્રી દ્વારા નકકી કરવામાં આવેલ નિયત નમુનામાં સીકયોરીટી અને સ્યોરીટી બોન્ડ નિમણુંક મેળવનાર ઉમેદવારે આચાર્યશ્રીને આપવાનું રહેશે. (સોગંધનામું તથા ચેકલીસ્ટ મુજબ) અને આચાર્યશ્રીએ આ કચેરીને એક નકલ મોકલી આપવાની રહેશે.

૧૪) હાલ આ વિષયના જે એડહોક મદદનીશ પ્રાધ્યાપક/કરાર આધારિત વ્યાખ્યાતા સહાયક સેવામાં ચાલુ હોય અને [illegible] સપૂર્ણ ભરેલું હોય તો આ વિષયના એડહોક જુનિયર વ્યાખ્યાતા સહાયકને તાત્કાલિક છૂટા કરવા અને તેઓને ખાલી [illegible] જગ્યા પર આ મદદનીશ પ્રાધ્યાપકને હાજર કરીને કરેલ કાર્યવાહીની જાણ આ કચેરીને કરવી.

૧૫) નિમણૂંક મેળવતા ઉમેદવારોએ ભરતી નિયમોનુસાર જરૂરી કોમ્પ્યુટર કૌશલ્યની લાયકાત ધરાવે છે કે, કેમ તેની ચકાસણી કમિશ્નરશ્રી(ઉ.શિ) એ કરવાની રહેશે. અને નિમણુંક મેળવતા ઉમેદવારોએ સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦/૦૯/૨૦૦૬ નાજાહેરનામા ક્રમાંક:જીએસ/૨૦૦૬/૩૧/ખતપ/૧૦૨૦૦૫/૧૫૧૯/ક તથા સરકારશ્રીના વખતો વખતના સબંધિત આદેશો અનુસાર કોમ્પ્યુટર કૌશલ્યની લાયકી પરીક્ષા પાસ કર્યાના પ્રમાણપત્રો આચાર્યશ્રીએ મેળવી આ કચેરીને મોકલી આપવાના રહેશે. વધુમાં સરકારશ્રી ધ્વારા વખતો વખત જે કોઇ લાયકી પરીક્ષા પાસ કરવાનું ઠરાવવામાં આવે તે નિમણૂંક પામતા ઉમેદવારે સરકારશ્રીએ ઠરાવેલી નિયત સમય-મર્યાદામાં પાસ કરવાની રહેશે. અને તે અંગેની ખાત્રી કમિશ્નરશ્રી ઉચ્ચ શિક્ષણએ કરવાની રહેશે.

૧૬) આ ઉમેદવારોની નિમણુંક થાય ત્યારથી બે વર્ષ સુધી તેમની કામગીરીનો ખ્યાલ આપતો (E.R.)/વાર્ષિક મુલ્યાંકન અહેવાલ નિયત નમુનામાં સમયસર સરકારશ્રીમાં બે નકલમાં મોકલી આપવાનો રહેશે.

Scanned with OKEN Scanner

૧૭) જયાં સુધી આ કચેરીના જણાવ્યા મુજબ નિયત નમૂનામાં રીસર્ચ પ્રેપોઝલ અને દર વર્ષની પ્રકાશિત પેપરની માહિતી આપના દ્વારા પુરી પાડવામાં નહી આવે ત્યાં સુધી ૨૨ કલાકનો કાર્યભાર પ્રમાણે કામ કરવાનું રહેશે.

૧૮) નિમણૂંક પામેલ ઉમેદવારે દિન-૭ માં નિમણૂંક સ્થળે હાજર રહેવાનું રહેશે.

નોધ ઉપર મળેલ માન. નિયામકશ્રીના આદેશાનુસાર.

અધિક કમિશનર
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા.,ગાંધીનગર.

પ્રતિ,

⇒ શ્રીમાન દિપકકુમાર વજિરભાઇ પટેલ,એટ-નાનાપોંધા. તા-કપરાડા. જિ-વલસાડ-૩૯૬૧૨૬.

⇒ આચાર્યશ્રી. સરકારી વિનયન કોલેજ કપરાડા, જિ. વલસાડ

⇒ પેટા/જિલ્લા તિજોરી અધિકારીશ્રી, કપરાડા, જિ. વલસાડ

⇒ એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.

⇒ હિસાબી અધિકારીશ્રી, હિસાબી શાખા, સદર કચેરી.

⇒ શ્રેયાન અધિક્ષકશ્રી, ખાનગી અહેવાલના ટેબલે.

⇒ રજીસ્ટ્રારશ્રી, સંબંધિત યુનિવર્સિટી.

⇒ હુકમ ફાઈલે.

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ :-</u>

સેકશન અધિકારીશ્રી, શિક્ષણ વિભાગ, ખ-શાખા, સચિવાલય, ગાંધીનગર.

Scanned with OKEN Scanner